અપીલ અરજી નં.૪૧૩ તા.૨૫–૩–૦૯

અરજદારઃ શ્રી જયપ્રકાશ ગુપ્તા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૧૮–૨–૦૯ ની અરજીથી આશાનગર–૧ ઉધના પ્લોટ નં.એ/૧,૨ માં આવેલ સ્નેહ મીલન એપાર્ટમેન્ટની બાંધકામ પરવાનગી રજાચીઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૩ /૨૦૦૮–૦૯

શ્રી જયપ્રકાશ ગુપ્તાની તા.૧૮–૨–૦૯ ની અરજીથી આશાનગર–૧ ઉધના પ્લોટ નં.એ/૧,૨ માં આવેલ સ્નેહ મીલન એપાર્ટમેન્ટની બાંધકામ પરવાનગી રજાચીઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલ અંગે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૮ તા.૩૧–૩–૦૯થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર તા.૨૭–૨–૦૯ થી માહિતી મળ ેલ છે કે કેમ? તથા તે અંગે કોઈ નારાજગી છે કે કેમ? જો તે અંગે કોઈ નારાજગી હોય તો આધાર સહિત વિગતો મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૫૬ તા.૧૩–૪–૦૯ થી અત્રેની કચેરીને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજીમાં આશાનગર–૧ ઉધના પ્લોટ નં.એ/૧,૨ માં આવેલ સ્નેહ મીલન એપાર્ટમેન્ટની બાંધકામ પરવાનગી રજાચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલ અંગે માહિતી માંગેલ. જે અરજદારને નિયત સમય મર્યાદામાં નહીં મળવાથી અપીલ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૭૧ ૮ તા.૨૭–૨–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જે અનુસાર નિર્દિષ્ટ મિલ્કતની વિકાસ પરવાનગી/ પ્લાન/રજાચિઠ્ઠી સા.ઝોન નં.૧૦ તા.૧૬–૧૦–૨૦૦૨ થી મંજુર કરવામાં આવેલ હોવાની માહિતી આપેલ જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સંબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં સદર પત્રની નકલ પુનઃ અરજદારને મોકલી આપવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધના ઝોન ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જયપ્રકાશ ગુપ્તા પ્લોટ